મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદૂત સ્થાપના ૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 **સોમવાર ૦૬ જુલાઇ, ૨૦૨૬** ૭

ઝાલોદમાં "લૂટેરી દુલ્હન" ગેંગનો ખેલ !

લગ્નની લાલચમાં યુવકને ફસાવી ૩.૨.૪૦ લાખ પડાવ્યા, બે દિવસમાં જ દુલ્હન ફરાર

પહેલા બાના તરીકે રૂપિયા લેવાયા, પછી લગ્ન ખર્ચના બહાને વધુ રકમ ઉઘરાવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરમાં લગ્નના સપના બતાવી ભોળા યુવક અને તેના પરિવાર ને લાખોની છેતરપીંડીનો ભોગ બનાવવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે."લૂટેરી દુલ્હન" અને દલાલોના ગૂંચવણભર્યા જાળમાં ફસાઈ એક પરિવારે પોતાના જમાપૂંજીના 2.40 લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ પોલીસ સુધી પહોંચી છે. ફરિયાદ મુજબ, ઝાલોદના હિતેશકુમાર પંચાલ માટે લગ્ન માટે છોકરી શોધતા હતા ત્યારે રણીયાર ગામના કૃષ્ણકાંત ઉર્ફે કીશનભાઈ પટેલ નામના દલાલે મધ્યપ્રદેશમાં છોકરી હોવાની વાત કરી સંપર્ક સાધ્યો હતો. વિશ્વાસમાં લઈ પરિવાર ને મનાવર અને કુશ્ની સુધી લઈ જઈ યુવતી "મમતા ચૌહાણ" બતાવવામાં આવી હતી. યુવતી પસંદ પડતાં "વ્યવહાર"ના નામે 2.40 લાખમાં લગ્ન નક્કી કરાયા. પહેલા બાના તરીકે રૂપિયા લેવાયા, પછી લગ્ન ખર્ચના બહાને વધુ રકમ ઉઘરાવી લેવામાં આવી. આખરે એક અજાણ્યા ગામમાં ફક્ત ફુલહાર પહેરાવી નકલી લગ્નવિધિ કરાવી દેવામાં આવી. લગ્ન બાદ યુવતી બે દિવસ સુધી સાસરે રહી, ઘરનો માહોલ અને પરિવારની સ્થિતિ જાણી. ત્યારબાદ "કાકાને અકસ્માત થયો છે" એવી ખોટી કહાની ગૂંથી પિયર જવાની વાત કરી. ફરિયાદી યુવક તેને લઈને મધ્યપ્રદેશ ગયો, જ્યાં બસ સ્ટેન્ડ પર એક અજાણ્યો શખ્સ બાઈક લઈને આવ્યો અને યુવતીને સાથે લઈ ગયો. ત્યારથી દુલ્હન ગાયબ અને ફોન બંધ! યુવતીનો આધારકાર્ડ બતાવી વિશ્વાસ જીતવાનો પ્રયાસ પણ આ ગેંગની પૂર્વયોજિત ચાલ હોવાનું માનવામાં આવે છે.

લગ્નના સપના બન્યા છેતરપીંડીનું જાળ

ભોગ બનનાર
હિતેશ પંચાલ

સમાજમાં વધતી આવી ઘટનાઓ હવે ચેતવણી સમાન બની રહી છે. પૈસા લઈને લગ્ન ગોઠવતા દલાલો સામે કડક કાર્યવાહી અને લોકોમાં જાગૃતિ લાવવી સમયની માંગ બની છે. હાલ ઝાલોદ પોલીસ ફરિયાદના આધારે કૃષ્ણકાંત પટેલ, બાબુલાલ પાટીદાર, તરૂણ અને "મમતા" નામની યુવતી સહિત તમામ સંડોવાયેલા લોકોની શોધખોળમાં લાગી છે. તપાસ આગળ વધતા વધુ ભોગ બનનાર લોકો બહાર આવે તેવી પણ શક્યતા છે.

દલાલ : કૃષ્ણકાંત પટેલ

દલાલ : કૃષ્ણકાંત પટેલ

"લૂટેરી દુલ્હન"

વેજલપુર પોલીસ સ્ટેશનના પશુ સંરક્ષણના ગુનામાં પોલીસની સફળતા

લાંબા સમયથી પોલીસ પકડથી દૂર ભાગતા આરોપીને દહેજથી ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.5

પંચમહાલ જિલ્લાની પેરોલ ફ્લો સ્કવોર્ડને એક મોટી સફળતા મળી છે. વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા પશુ સંરક્ષણ અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પોલીસે ટેકનિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સીસની મદદથી ભરૂચ જિલ્લાના દહેજ ખાતેથી ઝડપી પાડ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ.વાઘેલા અને

પો.સ.ઈ. બી.એમ.રાઠોડની આગેવાનીમાં પેરોલ ફ્લો સ્કવોર્ડ, પંચમહાલની ટીમ કાર્યરત હતી. પોલીસ સ્ટાફના એ.એસ. આઈ.ને ચોક્કસ બાતમી હકીકત મળી હતી કે, વેજલપુર પોલીસ સ્ટેશનના ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ અને ધી પ્રાણી ક્રૂરતા અધિનિયમ ૧૯૬૦ નો નાસતો ફરતો આરોપી નરેન્દ્રસિંહ રણજીતસિંહ પરમાર (રહે. વ્યાસડા, મોટું ફળિયું, તા. કાલોલ, જી. પંચમહાલ) હાલ વાગરા તાલુકાના દહેજ ખાતે આવેલ એશીયન ઓઈલ પેઈન્ટ કંપનીમાં મજૂરી કામ કરી રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે પેરોલ ફ્લો પોલીસ સ્ટાફના માણસોએ તાત્કાલિક તપાસ હાથ ધરી મોજે-દહેજ, એશીયન ઓઈલ પેઈન્ટ કંપની (તા. વાગરા, જી. ભરૂચ) મુકામેથી આરોપી નરેન્દ્રસિંહ પરમારને હસ્તગત કર્યો હતો. પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે તેને વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અપાઇ

પૂર્વ વનમંત્રી અને ૧૧ વખતના ધારાસભ્ય મોહનસિંહ રાઠવાનું ૮૨ વર્ષની વયે નિધન

સદગતની અંતિમયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું

(પ્રતિનિધિ)છોટાઉદેપુર, પાવીજેતપુર, તા.5

ગુજરાતના પૂર્વ વનમંત્રી તેમજ રાજ્ય વિધાનસભામાં સૌથી વધુ ૧૧ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલા આદિવાસી સમાજના અગ્રણી અને લોકલાડીલા નેતા મોહનસિંહ રાઠવાનું ૮૨ વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચાર મળતા જ સમગ્ર પૂર્વ પટ્ટી વિસ્તાર અને આદિવાસી સમાજમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મોહનસિંહ રાઠવાના નિધનના સમાચાર વાયુવેગે ફેલાતા પાવીજેતપુરના વેપારીઓએ સ્વયંભુ

રીતે પોતાની દુકાનો બંધ રાખી તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

તેમની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાન ઉમરવા થી નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો, રાજકીય આગેવાનો, સમાજના આગેવાનો જોડાયા હતા. ત્યારબાદ પાવીજેતપુર સ્મશાન ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. મોહનસિંહ રાઠવાએ પોતાના લાંબા રાજકીય જીવન દરમિયાન આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ, શિક્ષણના પ્રોત્સાહન અને પૂર્વ પટ્ટી વિસ્તારના પ્રશ્નોના નિરાકરણ માટે નોંધપાત્ર કામગીરી કરી હતી. તેમના નિધનથી પૂર્વ પટ્ટી વિસ્તાર સહિત સમગ્ર ગુજરાતના રાજકીય અને સામાજિક ક્ષેત્રે અપૂરણીય ખોટ ઊભી થઈ હોવાનું વિવિધ આગેવાનો અને લોકોએ જણાવ્યું છે.

ધી કાલોલ તા.માધ્યમિક શાળા કર્મચારી ધીરાણ સહકારી મંડળી વાર્ષિક સભા યોજાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.6

રવિવારે ધી કાલોલ હાઉસિંગ સોસાયટીના સુવર્ણ હોલમાં ખાતે ધી કાલોલ તાલુકા માધ્યમિક શાળા કર્મચારી ધીરાણ સહકારી મંડળી ની ૪૯ મી વાર્ષીક સાધારણ સભા યોજાઈ જેમા પ્રમુખ મનીષભાઈ પટેલ, ઉપપ્રમુખ દિલીપકુમાર પટેલ, મંત્રી નારણભાઇ પટેલ , સહ મંત્રી કિરણસિંહ પુવાર અને સભાસદો હાજર રહ્યા હતા. ૨૯૯ સભાસદો ધરાવતી સોસાયટીનું શેર ભંડોળ ૧,૩૦ કરોડ નુ છે વર્ષ ૨૦૨૫/૨૬ મા સોસાયટી એ રૂ ૨૭,૨૨,૫૦૦/ નો નફો મેળવ્યો છે.સભાસદોને ધીરાણ ૯ ટકા ના વ્યાજે આપવામાં આવે છે.પ્રમુખ દ્વારા વાર્ષીક અહેવાલ નો ચિતાર રજૂ કરેલ. આ પ્રસંગે નિવૃત્ત થયેલ કર્મચારીઓનુ મોમેંટો આપી શાલ ઓઢાડી સનમાન કરાયુ. જે કર્મચારીઓના સંતાનો ધો ૧૦,૧૨ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સારા ગુણ લાવ્યા હતા તેઓને પ્રોત્સાહક ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

'જય માતાજી'ના જયઘોષથી ગુંજ્યું યાત્રાધામ

વરસાદી વાદળોની ઓઢણીમાં પાવાગઢ મહાકાળી ધામ

રવિવારની રજાએ ઉમટી પડ્યા હજારો ભક્તો; ધુમ્મસભર્યા માહોલમાં માતાજીના દર્શન સાથે ભક્તિ અને પ્રકૃતિનો અદભુત સંગમ

(પ્રતિનિધિ) હાલોલ, તા.5

પંચમહાલ જિલ્લાના વિશ્વવિખ્યાત યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિર ખાતે રવિવારની રજાના અવસર પર વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતા મહાકાળીના દર્શનાર્થે પાવાગઢ પહોંચ્યા હતા. વહેલી સવારથી મંદિર પરિસર **'જય માતાજી'**ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ લાંબી કતારોમાં ઊભા રહી શ્રદ્ધાભાવ સાથે માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આજે પાવાગઢ વિસ્તારમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. ડુંગરાળ વિસ્તાર વાદળો અને ધુમ્મસની ચાદરમાં લપેટાઈ જતાં સમગ્ર યાત્રાધામનું સૌંદર્ય ખીલી ઊઠ્યું હતું. ઠંડા અને રમણીય વાતાવરણ વચ્ચે ભક્તોએ કુદરતી નજારાઓ સાથે આધ્યાત્મિક શાંતિનો પણ અનુભવ કર્યો હતો. મંદિર પરિસરમાં કેટલાક ભક્તો માતાજીની આરાધનામાં લીન થઈ ગરબા રમતા જોવા મળ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પ્રશાસન અને મંદિર તંત્ર દ્વારા દર્શન વ્યવસ્થા, સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી, જેના કારણે યાત્રિકોને સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે દર્શનનો લાભ મળી રહ્યો હતો.

ભૂગર્ભ ગટર યોજનાના કામમાં ભ્રષ્ટાચારની બૂમ

કાલોલમાં શેઠ ફળિયા પાસે ઈંટો ભરેલું ટ્રેક્ટર ખાડામાં ફસાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.5

કાલોલ નગરપાલિકા દ્વારા ગટર લાઈનના કામોમાં ભારે વેઠ ઉતારવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે આજે નગરમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં શેઠ ફળિયા પાસે ઈંટો ભરેલું એક ટ્રેક્ટર ગટરના ખાડામાં ખૂંપી ગયું હતું. મળતી માહિતી મુજબ કાલોલ નગરમાં ભૂગર્ભ ગટરની લાઈનો નાંખવા માટે રોડની બિલકુલ મધ્યમાં મોટા ખાડા ખોદીને પાઈપો ઉતારવામાં આવી હતી. જોકે, કામ પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટર કે નગરપાલિકા તંત્ર દ્વારા આ ખાડાઓનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યું નથી, કે તેને રોડના સમતલ પણ કરવામાં આવ્યા નથી.

ખાડાઓ એમ જ અધકચરા પૂરીને છોડી દેવાયા હોવાથી અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો અવારનવાર ખાડામાં ખાબકતા રહે છે અને નાના-મોટા અકસ્માતો રોજિંદી બાબત બની ગયા છે. આજે નગરના શેઠ ફળિયા પાસેથી ઈંટો ભરીને પસાર થઈ રહેલું એક ટ્રેક્ટર જ્યારે આ ગટર લાઈનની જગ્યા પરથી નીકળ્યું માટી ધસી પડતાં ટ્રેક્ટરનું પાછળનું ટાયર ખાડામાં ધસી જતા હાલાકી ઉભી થઇ હતી.

દે.બારીયા પ્રા.શિ.ધિ.સ.મં. ના નવા ચેરમેન-વાઈસ ચેરમેનનું સન્માન કરાયું

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.5

દેવગઢબારીયા પ્રાથમિક શિક્ષક ધિરાણ સહકારી મંડળીની કારોબારી સભા મંડળીના સભાખંડ ખાતે યોજાઈ હતી. વર્ષ 2026-27 માટે ચેરમેન તરીકે દેવગઢ બારીયા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બુધાભાઈ પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેમની દરખાસ્ત કારોબારી સભ્ય તથા હાલના ચેરમેન શંકરભાઈ રાવતે મૂકી હતી, જેને માજી ચેરમેન મથુરભાઈ પટેલે ટેકો આપ્યો હતો. તે જ રીતે વર્ષ 2026-27 માટે વાઇસ ચેરમેન તરીકે શ્રીમતી મેઘાબેન પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

હાલોલ ગ્રામ્ય પોલીસની મોટી કાર્યવાહી

અમરાપુરી ગામના કોતરમાંથી ૧.૫૪ લાખથી વધુનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.5

હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ.જાડેજા અને સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. જે.ડી.તરાલ સહિતની ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, ત્યારે પી.આઈ. જાડેજાને એક ચોક્કસ બાતમી મળી હતી કે અમરાપુરી ગામે રહેતો રાકેશકુમાર છત્રસિંહ બારીયા ગામની સીમમાં આવેલા એક કોતરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડી રાખીને તેના વેચાણ કરવાની પેરવી કરી રહ્યો હતો. બાતમીના આધારે પોલીસે તે સ્થળે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન કોતરમાંથી ગોવા સ્પીરીટ વ્હીસ્કીની ૭૫૦ મીલીની ૩૬ બોટલ જેની કિંમત ૧૯,૬૨૦ , માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયરના ૫૦૦ મીલીના ૬૨૪

નંગ જેની કિંમત ૮૫,૪૮૮ , ગોવા સ્પીરીટ વ્હીસ્કી ૧૮૦ મીલીના પ્લાસ્ટીકના ૩૮૪ કવાટરીયા જેનો કિંમત ૩૮,૪૦૦ તથા મેજીક મોમેન્ટ વ્હીસ્કી ૧૮૦ મીલીના પ્લાસ્ટીકના ૪૮ કવાટરીયા જેની કિંમત ૧૦,૫૬૦ મળી આવ્યા હતા. પોલીસે આ સ્થળેથી કુલ ૧,૦૯૨ નંગ દારૂ-બીયરની બોટલો સહિત કુલ ૧,૫૪,૦૬૮ નો પ્રોહીબિશન મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલ નગરપાલિકાના વોર્ડ નં. ૨ માં વેરભાવની રાજનીતિ?

સ્થાનિકોને સ્મશાનયાત્રા ગંદા પાણી અને ખાડામાંથી પસાર થવાની ફરજ પડી

અગમ્ય કારણોસર અધૂરો મુકાયેલો CC રોડ ક્યારે પૂર્ણ કરાશે? પાલિકાનુ ઓરમાયુ વર્તન કેમ? સ્થાનિકોનો રોષ

(પ્રતિનિધિ) કાલોલ, તા.5

કાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૨ માં વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને કથિત આડખીલી વલણને કારણે સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. અગાઉ હલકી ગુણવત્તાના રોડનો વિરોધ કરી મુખ્યમંત્રી સુધી રજૂઆત કરનાર જાગૃત નાગરિકો સાથે જાણે

પાલિકા વેર વાળતી હોય તેમ, શાંતિનગર સોસાયટીના ગેટથી નવાપુરા ત્રણ રસ્તા તરફનો સીસી રોડ અગમ્ય કારણોસર અધૂરો છોડી દેવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુણવત્તા સામે અવાજ ઉઠાવતા જ કામગીરી લટકાવી દેવાઈ? સમગ્ર મામલાની વિગત એવી છે કે, વોર્ડ નંબર ૨ માં અગાઉ બનાવવામાં આવી રહેલા રોડની કામગીરી અત્યંત નબળી અને હલકી ગુણવત્તાની હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે સ્થાનિકોએ એક થઈને વિરોધ નોંધાવ્યો હતો અને છેક મુખ્યમંત્રી સ્તર સુધી લેખિત રજૂઆતો કરી હતી. જાગૃત નાગરિકોના આ વિરોધના પગલે તંત્રને નબળી ગુણવત્તાનું કામ બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, ત્યાર બાદ લાંબા સમય સુધી અહીં નવો રોડ બનાવવામાં આવ્યો ન હતો. સ્થાનિકોની પુનઃ વારંવારની રજૂઆતો અને રઝળપાટ બાદ તાજેતરમાં માંડ સીસી રોડ બનાવવાની કામગીરી શરૂ કરાઈ ખરી, પરંતુ તેમાં પણ પાલિકાનું રહસ્યમય વલણ સામે આવ્યું છે. શાંતિનગર ગેટથી નવાપુરા ત્રણ રસ્તા સુધીનો માર્ગ બિસમાર તાજેતરમાં મંજૂર થયેલા સીસી રોડની કામગીરી દરમિયાન, શાંતિનગર સોસાયટીના ગેટથી લઈને નવાપુરા ત્રણ રસ્તા તરફ જતો મુખ્ય માર્ગ કોઈ અગમ્ય કારણોસર અધૂરો છોડી દેવામાં આવ્યો છે. રોડ બનાવવા માટે કરવામાં આવેલા ખોદકામને કારણે હાલ ત્યાં મોટા-મોટા ખાડા પડી ગયા છે. ચોમાસાની શરૂઆતમાં જ આ ખોદેલા ખાડાઓમાં વરસાદી અને ગંદા પાણી ભરાઈ જવાને કારણે સમગ્ર માર્ગ બિસ્માર બન્યો છે.

કરજણ તાલુકા યુવા મોરચા દ્વારા નારેશ્વર આયોજિત રેકોર્ડ રક્તદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા જિલ્લા યુવા મોરચા તથા કરજણ તાલુકા યુવા મોરચા દ્વારા નારેશ્વર આયોજિત રેકોર્ડ રક્તદાન કેમ્પ યોજાયો. જેમાં ધારાસભ્ય અક્ષય પટેલ, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ અર્પણ ભટ્ટ, મહામંત્રી શ્રીજી ઠક્કર સહિત ૧૫૬ લોકોએ રક્તદાન કરી સમસ્ત ગુજરાત પ્રદેશ યુવા મોરચા માટે કીર્તિમાન સ્થાપિત કર્યું છે. શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ પખવાડિયા અંતર્ગત વડોદરા જિલ્લા યુવા મોરચા દ્વારા જિલ્લાના તમામ તાલુકા તથા નગરમાં આ પ્રકારના રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા યુવા મોરચા પ્રમુખ અર્પણ ભટ્ટ એ જણાવ્યું કે જિલ્લામાં ટોટલ ૧૦૦૦ રક્તદાતા ઓના માધ્યમ થી વડોદરા જિલ્લા યુવા મોરચો કોઈ પણ પરિસ્થિતિમાં રક્ત પૂરતી માત્રા માં મળી રહે તે માટે અમે કટિબદ્ધ છીએ.

કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી મોટા પાયે કામમાં ભ્રષ્ટાચાર થયાની રાવ

દોલતપુરા રોડ પર બે મહિના અગાઉ બનેલો કોઝ-વે ધોવાયો

કોઝવે ઉપર એકદમ હલકી કક્ષાનું પ્લાસ્ટર કર્યું છે જેને કારણે હજુ પણ લોખંડની ખીલીઓ દેખાય છે

(પ્રતિનિધિ) કાલોલ, તા.5

ભ્રષ્ટાચાર એજ શિષ્ટાચાર બની ગયો હોય તેવી હકીકત રેકર્ડ પર આવી ગઈ છે. કાલોલ તાલુકાના દોલતપુરા ગામે થી આગળ થઈ મેદાપુર ને જોડતો રોડ અને કોઝવે જે હાલમાં જ બે મહિના પહેલા બનાવવામાં આવ્યો છે. રૂ બે કરોડ ઉપરાંત ના ખર્ચે બનેલો આ કોઝવે અને રસ્તામાં આવતા પાંચ નાળા તકલાદી કામ ને લઈને પહેલાજ વરસાદે ધોવાઈ ગયા છે. પહેલાજ વરસાદે કોઝ વે ધોવાઈ જતા કોન્ટ્રાક્ટરે માટી પુરાણ કરી પોતાનું પાપ છુપાવવા પ્રયત્ન કર્યો હતો જે બાદ ગઈકાલે વરસેલા વરસાદમાં નાળા અને કોઝવે ની સાઈડમાં પૂરેલ પુરાણ ધોવાઈ જતા મોટા મોટા ખાડા બહાર આવી ગયા છે. રસ્તા ઉપર રોડ બનાવતા અગાઉ કોઈ પણ પ્રકારના મેટલ કે કપચી નાખવાના આવી

નથી અને આ રોડ સીધો જમીનને સમાંતર બનાવી દેવામાં આવ્યો છે ત્યારે જવાબદાર અધિકારીઓ એ કમ્પ્લિશન સર્ટિફિકેટ કેવી રીતે આપ્યુ? તે પણ પ્રશ્ન ઉઠ્યો છે. મોટાભાગે ગ્રામ્ય વિસ્તારના લોકો ના ઉપયોગ માટે બનાવાયેલ આ રોડ કોઝવે અને નાળા ઉપર આજે એક જેસીબી સાથે પાંચ હાઈવા માટી ભરી લાવી કોન્ટ્રાક્ટરે પુરાણ કરવા પ્રયત્ન કર્યો હતો પણ મીડિયા ની ટીમ પહોંચી જતા દોલતપુરા ગામ પાસે ચાર હાઈવા થોભાવી દીધા હતા જ્યારે એક હાઈવા કોઝવે નજીક આવી ઊભું કરાવી દીધું હતું કારણકે કોઝવે ઉપર થી જો માટી ભરેલું હાઈવા પસાર થાય તો આખો કોઝવે હાઈવા સમેત બેસી જાય તેવી પરિસ્થિતિ ઉભી થતી હતી.